RIGHT TO INFORMATION

अपील अरजी नं.६२३ ता.१०–२–१२
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રાજુભાઈ સી. ઠક્કર
સામાવાળા :– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજુભાઈ સી. ઠક્કરની તા. ૧૬–૧૨–૧૧ની અરજીથી શીવદર્શન સોસા., ભાઠેના કિન્નરી સામે સુરત. ઉપરોકત સોસાયટીના બંગલા નં. ૮ના બાંધકામ લે–આઉટ પ્લાનની નકલ તેમજ આ બંગલા નં. ૮ની આગળ–પાછળ કોઈ લાઈનદોરી હોય, તો તેની નકલ અને તેનો અમલ કયારે થનાર છે તેની માહિતી–શીવદર્શન સોસા.,માં ડ્રેનેજ તથા પીવાના પાણીની સુવિધાની જાણકારી પણ આપવી, વેરાબીલ આ સામે માલીકનું નામ છે રમીલાબેન જેમાં અન્ય નામો કયા આધારે લખેલા છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૨૩/૨૦૧૧–૧૨

શ્રી રાજુભાઈ સી. ઠક્કરની તા. ૧૬–૧૨–૧૧ની અરજીથી શીવદર્શન સોસા., ભાઠેના કિન્નરી સામે સુરત. ઉપરોકત સોસાયટીના બંગલા નં. ૮ના બાંધકામ લે–આઉટ પ્લાનની નકલ તેમજ આ બંગલા નં. ૮ની આગળ–પાછળ કોઈ લાઈનદોરી હોય, તો તેની નકલ અને તેનો અમલ કયારે થનાર છે તેની માહિતી–શીવદર્શન સોસા.,માં ડ્રેનેજ તથા પીવાના પાણીની સુવિધાની જાણકારી પણ આપવી, વેરાબીલ આ સામે–માલીકનું નામ છે રમીલાબેન જેમાં અન્ય નામો કયા આધારે લખેલા છે તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૦–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા આ અંગે બાંધકામ રજીસ્ટર, પ્લાનમંજૂરી ફાઈલ, દફતરી ઉપલબ્ધ વિગત સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૩૫ તા. ૨૪–૨–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો ત્યાર બાદ નારજગી અંગે આધાર સહ રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા. ૧૦–૨–૧૨ના પૂરક પત્રની નકલ, મૂળ અરજીની નકલ, ફી ભર્યાની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૪૯ તા. ૧૯–૧૨–૧૧થી લીંબાયતઝોનને તબદીલ કરેલ પત્રની નકલ , લીંબાયતઝોન તરફથી માહિતી આપવા અંગે અરજદારને પૃચ્છા કરેલ પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૭૬ તા. ૮–૨–૧૨ના પત્રની નકલ, શીવ આશિષ આંજણાની તા. ૩૦–૦૩–૨૦૦૦ની રસીદ નં. ૭ રૂા. ૧૦,૦૦૦ની ડીપોઝીટની રસીદ, સોસાયટીના બાંધકામ બાબતે રસીદ નં. ૯૪૦ તા. ૧૬–૪–૦૬ની પ્લોટ નં. ૮ની રૂા. ૩,૦૦૦ની રસીદની નકલ, ટેનામેન્ટ નં. ૪૧એ–૨૧–૦૮૩૫–૦–૦૦૧ સને ૨૦૧૧–૧૨ના વર્ષના વેરાબીલની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગત મળેલ નથી.

અરજદારની તા. ૧૬–૧૨–૧૧ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન./ આરટીઆઈ/ જાવક/૧૭૪૯ તા. ૧૯–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન ને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ મળ્યો ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૦–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી–લીંબાયતઝોન તરફથી પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૭૬ તા. ૮–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ અરજદારને ટી.પી.સ્કીમ નંબર તેમજ ચોક્કસ ફા. પ્લોટ તથા સ્થળ સ્થિતિ માહિતી જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાશે તેવું જણાવેલ. અરજદારની અપીલ બાબતે બન્ને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદાર તરફથી મૂળ અરજીની નકલ, તબદીલ

અરજીની નકલ અને જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતીના પત્રની નકલ તથા શીવ દર્શન સોસા.ના બાંધકામની રસીદ નં. ૯૪૦, પ્લોટ નં. ૮ની નકલ તેમજ સદર પ્લોટનું વેરાબીલ ટેનામેન્ટ નં. ૪૧એ–૨૧–૦૮૩૫–૦–૦૦૧ની નકલ રજૂ કરેલ છે. વેરાબીલની નકલમાં નોંધ નં. ૨૨/૫ ટી.પી. નં. ૭ , ફા.પ્લોટ નં. ૧૪૪, પ્લોટ નં. ૮ તેમજ ટેના. નં. ૪૧એ–૨૧–૦૮૩૫–૦–૦૦૧ની વિગતો મિલકત બાબતે જણાવેલ છે. આ વિગતો મિલકતની ઓળખ માટે જણાવેલ હોઈ, સદર નંબરોના આધારે મિલકતની ઓળખ કરી અરજદારને તેમની મૂળ અરજીના કાર્યક્ષેત્રમાં દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પુરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૦–૨–૧૨ ધ્યાને લેતાં ૧૦–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૬–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મિલકતની ઓળખ આપ્યાથી માહિતી પુરી પાડવાનું જણાવેલ અરજદારે અપીલ તબક્કે મિલકતની ઓળખ બાબતે આપેલી વિગતોના આધારે અરજદારને નહીં પુરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણવવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન).... જાણ તથા અમલ માટે
(૨)શ્રી રાજુભાઈ સી. ઠક્કર,